ECHOES INDIA

શ્રી રામચંદ્ર મીશન®

જુલાઈ ૨૦૧૪ વર્ષ 7, અંક 4



## મણપાક્કમના સમાચાર

### મે 2014

**ભંડારા પછી** : માસ્ટરે ખેદપૂર્વક જણાવ્યું હતું કે હવે ભંડારો સમાપ્ત થઈ ગયો છે, અભ્યાસીઓ આશ્રમ છોડીને જવા લાગ્યા છે અને આ જગ્યા ખાલી થઈ ગઈ છે. આ ભંડારો ખૂબ જ ખાસ હતો. જેની ઉજવણી દરમિયાન માસ્ટરે ત્રણેય દિવસ સવારે સીટીંગ આપ્યા હતાં. તેમનું સ્વાસ્થ્ય ઘણું સારું હતું અને જ્યારે પણ શક્ય હોય ત્યારે તેમની કોટેજમાં તેમને બેઠકો અને ચર્ચાઓનું આયોજન કર્યું હતું. 3 મે, શનિવારે, સવારમાં તેમનો નાસ્તો કર્યા બાદ માસ્ટર ઘણા બધા માણસોને મળ્યા હતા અને સીટીંગ આપવા ઈચ્છતા હતા. જ્યારે તેઓ લાંબુ સીટીંગ આપવાના હોય ત્યારે કોને બોલાવવા અને બાકીના બીજાને બહાર બેસાડવા એ બાબતમાં તેઓ ખૂબ જ ચોક્કસ હતા. ત્યારબાદ, તેમને તેમની સવાર તેમની ઓફિસમાં એક અભ્યાસીઓના જૂથ સાથે વાર્તાલાપ કરવામાં વિતાવી હતી.

**નવી ગોલ્ફ કાર્ટ :** માસ્ટર માટે જેની એક બેઠક અલગ કરી શકાય, ઈલેક્ટ્રોનીકલી ચલાવી શકાય તેવી ખુરશી વાળી એક નવી ગોલ્ફ કાર્ટ ખરીદવામાં આવી હતી. વ્હીલચેર આ ગોલ્ફ કાર્ટ સાથે જોડી શકાશે અને તે માસ્ટર સાથે ખુરશીને ઉચકે છે અને તેની જગ્યાએ ગોઠવી શકે છે. માસ્ટરે આ ગોલ્ફ કાર્ટમાં એક ચક્કર લગાવ્યું અને તેમને આ ગોલ્ફ કાર્ટ ઘણી પસંદ આવી. કારણ કે તેમનુ આ ગાડીમાં બેસવું અને ઉતરવું ઘણું સરળ થઈ ગયું હતું અને તેથી તેઓ હવે નિયમિતપણે ચક્કર લગાવવા માટે ઉત્સુક છે.

માસ્ટરનો પૌત્ર ભાર્ગવ અહીં ચેન્નઈમાં હોવાથી, માસ્ટરે તેમનો સમય ભાર્ગવ અને તેમના કુટુંબ સાથે વિતાવ્યો હતો. તેઓ આરામ કરવાને બદલે વાર્તાલાપ કરતા રહ્યા અને સાંજે 5:30 વાગ્યે તેઓએ તેમની નવી ગોલ્ફ કાર્ટમાં ચક્કર લગાવવા નીકળ્યા હતા અને તે ગોલ્ફ કાર્ટ ભાર્ગવે ચલાવી હતી.

માસ્ટર તેમના રોજીંદા કાર્યો થોડા દીવસોથી શરૂ કરી દીધા હતા, સવારે 5 વાગ્યે તેમના ધ્યાન માટે જાગવું, તેમને સમાચારો વાંચી સંભળાવવા, નાસ્તો કરવો અને ઈ મેઈલ ચેક કરવા. ભારતમાં ચાલી રહેલી ચૂંટણી પ્રક્રિયાને ઉત્સુકતાપૂર્વક તેઓ જોઈ રહ્યા હતા. જ્યારે તેઓ સમાચાર જોતા હોય ત્યારે સંપૂર્ણપણે મૌન રહે છે અને જે કંઈપણ થઈ રહ્યું છે તેને બારિકાઈથી જોયા કરે છે. મતદાન સમાપ્ત થયા બાદ આવતા ચૂંટણીના અંદાજીત પરિણામનાં કાર્યક્રમ નિહાળવા અને સમીક્ષકોનું વિવરણ સાંભળવા તેઓ ખૂબ જ ઉત્સુક રહેતા હતા.

**ગુરુભાઈના કુટુંબની મુલાકાત :** બાબુજી મહારાજના ગુરુભાઈઓમાંના એક ગુરુભાઈનું કુટુંબ માસ્ટરને મળવા આવ્યું હતું. માસ્ટર ઘણા થાકેલા હતા અને તેમનો આરામ કરવાનો સમય હોવા છતાં તેઓ તેમને મળ્યા હતા અને બધાને સીટીંગ આપ્યુ હતું.








માસ્ટર મહાદેવ, મહાભારત અને બુધ્ધ ટીવી સીરીયલ જોતા હોય છે. તેમણે ઘણીવાર કહ્યું હતું કે તેઓ આ બધા એપિસોડ જોઈને ઘણુ બધું શીખી રહ્યા છે. કેટલાક અભ્યાસીઓ માસ્ટર સાથે આ સીરીયલો જુએ છે પણ હિંન્દી સમજતા નથી, તેમને માસ્ટર સંવાદોનું અનુવાદન કરીને સમજાવે છે.

19 મેના રોજ આશરે 10:30 વાગ્યે માસ્ટર એક શોપીંગ મોલમાં ગયા હતા. તેઓ ત્યાં ઘણો સમય વિતાવ્યો હતો અને તેઓ 2 વાગ્યે જ રેસ્ટોરન્ટમાં પહોંચ્યા હતાં. લગભગ પંદર અભ્યાસીઓ સાથે તેમણે બપોરનું ભોજન લીધું હતું. જોકે માસ્ટરે ખુબ જ થોડું ભોજન લીધું હતું પરંતુ બીજા બધા પૂરતા પ્રમાણમાં ભોજન લે તેનું ખાસ ધ્યાન રાખ્યું હતું. તેઓ એક આદર્શ યજમાન છે. કમનસીબે, આ સહેલથી તેઓ ઘણાં થાકી ગયા હતા અને તેમનું શરીર દુખતું હતું. પછીના બે દિવસો સુધી તેમને તાવ આવ્યો હતો અને ડોકટરોએ તેમને સારવાર આપી હતી. થોડા દિવસમાં તેઓ સાજા થઈ ગયા હતા.

**વિદ્યા – સતત ચાલું રહેતી પ્રક્રિયા :** 23 મેના રોજ, માસ્ટરે કેટલાક રશિયન અભ્યાસીઓને સીટીંગ માટે બોલાવ્યા હતા. સીટીંગ બાદ, માસ્ટરે કહ્યું કે તેઓ ફરીથી રશિયન ભાષા શીખવા માટે આતુર છે. તેમને ભાઈ એલેક્ષીને થોડા પાઠ રેકોર્ડ કરવા કહ્યું કે જેથી તેઓ તેને ફરીથી સાંભળી શકે. માસ્ટરે કહ્યું, "હું મારા પોતામા પાઠ બનાવીશ, તેને રેકોર્ડ કરીશ અને પછી તેને ચાલુ કરીને શીખીશ."

શનિવાર, 24 મે 2014 : પુદુચેરીથી આશરે સાંઈઠ અભ્યાસીઓ શનિવાર અને રવિવારમાં મણપાક્કમ આવ્યા હતા. માસ્ટર સાંજે આશરે 6 વાગ્યે કોટેજની બહાર બેઠા હતા અને આ અભ્યાસીઓ સાથે આશરે 45 મિનિટ વિતાવી હતી.

રવિવાર, 25 મે 2014 બહેન પ્રિયા અને ભાઈ શ્રી ક્રિષ્ણાની લગ્ન તિથી હતી. માસ્ટર જાગ્યા કે તરત જ, તેમને પ્રસાદ ધરાવ્યો અને બધાને વહેંચ્યો હતો. માસ્ટરે 7 વાગ્યે હાજર રહેલા દરેક જણને સીટીંગ આપી હતી.

સોમવાર, 26 મે, માસ્ટરના સ્વાસ્થ્યમાં વધઘટ થયા કરતી હોવાતી ચેક અપ માટે તેઓ એમઆઈઓટી હોસ્પિટલમાં ગયા હતા. નિષ્કર્ષમાં બધું બરાબર હતું. માસ્ટરે નરેન્દ્ર મોદીની ભારતના પ્રધાનમંત્રી તરીકે લીધેલી શપથવિધિ નિહાળી હતી.

**લાલાજી મેમોરીયલ ઓમેગા ઈન્ટરનેશનલ સ્કુલ :** 10મા અને 12મા બંન્ને ધોરણોના સીબીએસઈ વર્ગોના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા અને ઓમેગા સ્કુલના બધા જ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. 10માં ધોરણમાં, 142 વિદ્યાર્થીઓએ સીબીએસસીની પરિક્ષા આપી હતી અને તે બધાજ ઉત્તીર્ણ થયા હતા, તેમાં 9 વિદ્યાર્થીઓએ 10માંથી 10 ગ્રેડ મેળવ્યા છે. માસ્ટર ઘણા ખુશ હતા અને આ સમાચાર બધાને આપતા હતા.





"સ્મરણ પ્રેમીને પ્રિયતમની સમીપ લાવે છે. આ સમીપતાની કોઈજ સીમા નથી. જેટલો પ્રેમ અથવા સમીપતા વધારે, તેટલો જ તે 'તેની' તરફ આગળ વધે છે. આ સંબંધ આપણને વારસામાં મળે છે. હવે કેટલી વધારે ચરમસીમાએ સાંનિધ્ય મુકરર કરીને વિકાસ કરવો, તે આપણ હાથની વાત છે."

બાબુજી મહારાજ
રામચંદ્રની સંપૂર્ણ કૃતિઓ, વોલ્યુમ 1, પ્રકરણ "નિયમ 2"



## કેરાલાના પ્રશિક્ષકોનો સેમીનાર

30, 31 મે અને 1 જૂન 2014

કેરાલાના આશરે 65 પ્રશિક્ષકો આ સેમીનારમાં હાજર રહેવા માટે એકત્રિત થયા હતા. પ્રથમ દિવસે કમલેશભાઈએ આ જુથને સંબોધિત કર્યું હતું. દરેક દિવસોમાં પ્રશિક્ષકો માટે સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એકબીજાને સીટીંગ આપવાનું પણ સામેલ હ્તું. સત્રોમાં માસ્ટરના અવતરણો પર ચિંતનમનન કરવાનું સામેલ હતું, ત્યાર બાદ તેના ઉપર ચર્ચા અને વિચારોની આપ–લે થઈ હતી, ભાઈ રાજેશ રાઠોડ દ્વારા પ્રશ્નોત્તરી અને સેવા આપવા ઉપર કાર્યક્રમ હતો. આ કાર્યક્રમમાં સેવા આપતી વખતે પોતાનું અવલોકન કરવાનું મહત્વ, વાતચીત કરવાના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખવા, સાંભળવાની અને સહન કરવાની કળા પર ભાર મુકવામાં આવ્યો હતો. આ સત્ર માટે અગાશીમાં બાગકામ કરવાની પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. પુસ્તકાલયના મકાનની અગાશી ઉપર શાકભાજીનો બગીચો બનાવવા માટે બધા પ્રશિક્ષોએ એક સાથે મળીને કામ કર્યું હતું. 31 મેના રોજ, માસ્ટર બધા પ્રશિક્ષકોને મળ્યા હતા અને સીટીંગ આપી હતી. આ સંમેલનનું સમાપન બે વિડીઓથી કરવામાં આવ્યું હતું – નાની નાની પણ સુસંગત વસ્તુઓ દ્વારા કેન્દ્રને કઈ રીતે સક્રિય બનાવવું તે વિષય ઉપરનો કમલેશભાઈ પટેલ દ્વારા અપાયેલું વકતવ્ય અને માસ્ટર દ્વારા ' સુક્ષમતા' ઉપર અપાયેલું વકતવ્ય.

## ઓમેગાના એલ્યુમની સંમેલન

9 થી 14 જૂન 2014

9 જૂનના રોજ, કમલેશભાઈએ આપેલી ધ્યાનની બેઠકથી આ સેમીનારની શરૂઆત થઈ હતી. સેમીનાર હોલમાં બધા તરત જ ભેગા થયા હતા અને કમલેશભાઈએ તેમને સંબોધિત કર્યા હતાં, જે ટુંકો પણ ઉજાગર કરતો વાર્તાલાપ હતો. તે પછીના દિવસોને જુદા જુદા મુલાકાતી અભ્યાસીઓ સાથેના સત્રોમાં, વાર્તાલાપો અને નિષ્પક્ષ સ્વયંસેવા કરવામાં અને હવે પછી થનારા સાંસ્કૃતિક કાર્યક્રમના અભ્યાસ માટે વિભાજિત કરવામાં આવ્યા હતાં અને બેશક ધ્યાન અને સાધના માટે પણ. સત્રો અને સેમીનારો મનોરંજક હોવાની સાથે સાથે લાભદાયી પણ હતા અને જીવન અને મુલ્યોનાં ઘણા પાસાંઓને સ્પર્શ કરતા હતા. 12મી મે ના રોજ તેમણે માસ્ટર પાસેથી તેમના કોટેજમાં સીટીંગ મેળવી હતી. તેમણે એક ટૂંકું વકતવ્ય આપ્યું હતું, જેમાં 14મી જૂનને ઓમેગા એલ્યુમની (ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ) દિવસ જાહેર કર્યો હતો. 14મી જૂને તેમણે ભૂતપૂર્વ વિદ્યાથીઓની મુલાકાત લીધી હતી અને તેમના શિક્ષકો અને વાલીઓ સાથે એક અદ્ભૂત દિવસ વિતાવ્યો હતો અને સ્કુલના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઉપયોગી સૂચનો આપ્યા હતા. આશ્રમમાં એક વાર પરત આવ્યા બાદ, તેમની આ મુલાકાતના છેલ્લા તબક્કામાં સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત થઈ હતી. દરેક જણે ખૂબ જ સરસ રીતે પોતાનો ભાગ ભજવ્યો હતો અને તેઓને ફરી એક વધુ વખત માસ્ટરને મળવાનો અને બધાને 'તેમની' સાથે ગ્રુપમાં ફોટો પડાવવાનો મોકો મળ્યો હતો. ભાગ લેનાર દરેકને આ કાર્યક્રમ ખુબ જ પરિપૂર્ણ અને યાદગાર લાગ્યો હતો.

## નવા પ્રશિક્ષકોને તૈયાર કરવાનો સેમીનાર

31 મે થી 14 જૂન 2014

સમગ્ર ભારતમાંથી પ્રશિક્ષક બનવા આવેલા ભવિષ્યના લગભગ 27 ઉમેદવારો મણપાક્કમમાં યોજાએલા બે અઠવાડિયાના પ્રવૃતિઓથી ભરપૂર સેમીનારમાં તેમની તૈયારીના ભાગ રૂપે આવ્યા હતા. સવારની સીટીંગ ઉપરાંત સવારના સત્રમાં વર્કશોપ પણ હતાં અને પસંદ કરેલા માસ્ટરના અને કમલેશભાઈ ના પ્રશિક્ષકના કાર્ય પરના કેટલાક વિડીઓ સાંજના સત્રમાં દર્શાવવામાં આવ્યા હતા. ત્યારબાદ એજ વિષય પર તેમને તે વિષયમાં ઊંડા લઈ જવા માટે ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર દરેક વ્યક્તિએ "રિયાલીટી એટ ડોન" પુસ્તકના થોડા પ્રકરણોની ગ્રુપમાં ચર્ચા કરી હતી અને ત્યારબાદ તેની રજુઆત કરી હતી. વોલ્નટરી કાર્યને બે સત્ર ફાળવવામાં આવ્યા હતા. જેમાં તેમને બાગકામ અને જમીનને સમતોલ કરવાનું કાર્ય કર્યું હતું. સેમીનારના અંતે, ભાગ લેનાર દરેક માટે કમલેશભાઈ સાથે સમય વિતાવવાનું શક્ય બન્યું હતું.



## સહજ માર્ગ પ્રતિ મારો અભિગમ

પનવેલ, મુંબઈ

ભાઈ મોહનદાસ હેગડે, બેંગલોર, કેસ્ટના ડિરેક્ટરે, 25 મે ના રોજ મુંબઈમાં તેમની મુલાકાત દરમિયાન લગભગ એંસી અભ્યાસીઓ માટે પનવેલ આશ્રમમાં સત્ર હાથ ધર્યું હતું. દરેકે ' સહજ માર્ગ તરફ મારો અભિગમ' વિષય પર આત્મનિરીક્ષણ કર્યું હતું, અને તેઓએ સહજ માર્ગની શરૂઆત કરી હતી ત્યારે અને અત્યારે તેમના અભિગમ પર વિચારો વ્યક્ત કર્યા હતા.

તેમણે સમજાવ્યું કે પ્રથમ બેઠક આપણે પ્રાપ્ત કરીએ ત્યારે તે માસ્ટર દ્વારા આપવામાં આવતી હોવાથી સૌથી શક્તિશાળી બેઠક હોય છે અને ત્યારે બીજનું આરોપણ થાય છે અને આત્મા જાગૃત કરવામાં આવે છે. તેમણે દરેકને પૂછ્યું કે માસ્ટરનાં આ કામનું મૂલ્ય તેઓ સમજ્યા છે કે નહીં અને તેઓ તેમના આધ્યાત્મિક વિકાસમાં ભાગ લેવા તૈયાર છે કે નહીં. તેમણે પ્રાર્થનાનાં મહત્વ અને હેતુ સ્પષ્ટ રાખવા પર ભાર મૂક્યો હતો.

## પરમાકુડિ સેન્ટર ની મુલાકાતે ઝેડાઆઈસી



તમિલનાડુ (2D) ના ઝેડાઆઈસી ભાઈ પી. રામનાથને, 17 મે નાં રોજ પરમાકુડિ સેન્ટરની મુલાકાત લીધી હતી. પરમાકુડિ, મનામદુરૈ, રામનાથપુરમ અને શિવગન્ગેઈ સેન્ટરનાં પ્રશિક્ષકો સહિત 64 અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સવારે સત્સંગ પછી એક ઓપન હાઉસ રાખવામાં આવ્યું હતું, જેમાં 20 આમંત્રિતોએ હાજરી આપી હતી. પ્રશિક્ષક ભાઈઓ રામનાથન, રાધાકૃષ્ણન, કુમાર અને ભાસ્કરન દ્વારા ધ્યાનનો હેતુ, સહજ માર્ગના વિશિષ્ટ લક્ષણો અને તેની અસરકારકતાને સમજાવવામાં આવ્યું હતું. આમંત્રિતોમાંના દસ જણ શરૂઆત કરવા માટે તૈયાર થયા હતા અને તેમાંથી આઠ જણે તરત જ તેમની પ્રારંભિક બેઠક શરૂ કરી દીધી હતી.

અભ્યાસીઓએ તેમને થયેલા અનુભવો અને ધ્યાન કરવાથી થયેલા લાભો પર વાતચીત કર્યા બાદ, સાંજનાં સત્સંગ પછી સત્રની સમાપ્તિ થઈ હતી.

## IISc બેંગલોરના અભ્યાસીઓએ કરેલી મણપાક્કમની મુલાકાત

બેંગલોરની ઈન્ડિઅન ઈન્સ્ટીટિયુટ ઓફ સાયન્સના કેમ્પસ પર હવે લગભગ ત્રીસ અભ્યાસીઓ હોય છે. એમીરિટસ સંસ્થામાં ભાઈ એ. પેરુમલ એક પ્રધ્યાપક અને એક પ્રશિક્ષક પણ છે, 7 મી અને 8 મી જૂને બીએમએ મણપાક્કમની મુલાકાત વખતે આ અભ્યાસીઓ સાથે મુલાકાત કરી હતી. તેમના રોકાણ દરમિયાન સત્સંગમાં હાજરી આપ્યા ઉપરાંત યુવાન અભ્યાસીઓએ સ્વૈચ્છિક કામનાં ભાગરૂપે રાજીખુશીથી કેરીઓ તોડી હતી. તેમની મુલાકાતની ધ્યાનાકર્ષક બાબત એ હતી કે પ્રથમ દિવસે સાંજે માસ્ટર સાથે ટૂંકી મુલાકાત થઈ હતી. જેમાં માસ્ટરે વ્યક્તિગત રીતે તેમનાં વિશે પૂછપરછ કરી અને તેમને આશીર્વાદ આપ્યાં હતા.

રવિવારે સત્સંગ પછી, તેમણે મિશનનાં ત્રણ 'પરિપક્વ' અભ્યાસીઓ સાથે પારસ્પરિક ચર્ચા કરી હતી : ભાઈ વી. કે. સોમકુમાર, એ. પી. દુરાઈ અને આલ્બર્ટો લાફરેન્ચીએ માસ્ટર, મિશન અને પદ્ધતિને લગતા ઘણાં બધા પ્રશ્નોનાં જવાબ આપ્યા હતા. તેમના જવાબો રસપ્રદ ઘટનાઓ અને અંગત અનુભવોથી વિવિધતાસભર હતા. જૂથના તમામ સભ્યો આધ્યાત્મિકતાથી સમૃદ્ધ થયા હોવાની ભાવના સાથે અને તેમનો અભ્યાસ પહેલાં કરતાં વધુ સારી રીતે કરવાની પ્રેરણા લઈને પાછા ફર્યા હતા.



## ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ખડગપુર



ફેબ્રુઆરી 2014 માં પટના ખાતે યોજાયેલ ઝોનલ મીટીંગમાં, એવું લાગ્યું હતું કે બિહાર અને ઝારખંડમાં હાલમાં મોટી સંખ્યામાં સ્વયંસેવકોની જરૂર છે કે જે હાલમાં ચાલતા 'Grounding in the Practice' કાર્યક્રમ (જીઆઈટીપી) ને પ્રોત્સાહન આપી શકે. પરિણામ રૂપે, ભાઈ મનોજ તિવારી (ઝેડઆઈસી, Zone 17 અને 20) દ્વારા (એફડીપી) બિહાર(34), ઝારખંડ(22), પશ્ચિમ બંગાળ અને ઉત્તર સિક્કિમ(2) અને પશ્ચિમ બંગાળ દક્ષિણ(18) નાં પ્રતિનિધિઓ માટે એક ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ ક્રેસ્ટ ખડગપુર ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો.

બહેન નંદિતા માથુર, છવિ સિસોદીયા અને ભાઈ સંતોષ શ્રીનિવાસન અને આલ્બર્ટો લાફરેન્ચીની મદદ થી નવા સ્વયંસેવકોએ એકત્રિત થઈને માત્ર પ્રતિનિધિઓ ને તાલીમ આપવા માટે જ નહીં, પણ પોતાની તાલીમ માટે પણ અભ્યાસ કર્યો અને સખત તૈયારી કરી.

મળેલા પ્રતિસાદ પ્રમાણે, આ કાર્યક્રમ ખૂબ જ અસરકારક હતો અને દરેકને શીખવાની તક પૂરી પાડવામાં આવી હતી. સાક્ષાત્કાર, હાસ્ય અને આનંદ, તીવ્ર ચિંતન, સખત પરિશ્રમ અને સૌથી અગત્યનું તો બધાની સાથે ભાઈચારાનાં એક ઉત્તમ વાતાવરણની પળો હતી. 50 તાલીમાર્થીઓ હવે GITP કાર્યક્રમ શરૂ કરવા તૈયાર છે અને 25 તેમને મદદ કરવા માટે તૈયાર છે.

## પ્રશિક્ષક માટે તાલીમનો કાર્યક્રમ, જબલપુર

જબલપુર, ઝોનલ આશ્રમ (8B) ખાતે 5 થી 8 જૂન, ચાર દિવસ માટે MP (પૂર્વ અને પશ્ચિમ) અને વિદીશાથી આવેલા પ્રશિક્ષકો માટે ચાર દિવસ માટે 'પ્રશિક્ષક તાલીમ કાર્યક્રમ'નું સંચાલન કરવામાં આવ્યું હતું. ભાઈ સંતોષ શ્રીનિવાસને કાર્યક્રમોનું સંચાલન કર્યું હતું.



માસ્ટરે તૈયાર કરેલો મુદ્દો હતો 'તમારૂં હૃદય વિકસાવવા માટે તમારા હૃદય પાસેથી કામ લો'. કાર્યક્રમનું ખાસ લક્ષણ એ હતું કે તેનું કોઈ ચોક્કસ સમયપત્રક ન હતું અને માત્ર હૃદયપૂર્વક મૌનમાં, કાર્યક્રમ ચાલુ રહ્યો. બધા ભાગ લેનારાઓએ કાર્યક્રમની પ્રશંસા કરી હતી અને આધ્યાત્મિક જોશનો આનંદ માણ્યો હતો.

## પુન:જાગૃતિ – ઉત્તર તામિલનાડુ

25 મે ના રોજ ઝોન 2Aના સાલેમ, કૃષ્ણગીરી, વેલ્લોર (વદવિરિન્ચિપુરમ) ખાતે અને 1 જૂનના રોજ હરુર ખાતે પુન:જાગૃતિ લાવનાર 'ચારિત્ર્ય ઘડતરના સાધનો તરીકે દસ નિયમો' પર આધ્યાત્મિક સંમેલન રાખવામાં આવ્યું હતું. ફેસિલિટેટર્સ, બહેન એઝીલારસી, ભાઈઓ રઘુપથી, સુદર્શન અને મુરુગરાસન અનુક્રમે આ ચાર કેન્દ્રોના અભ્યાસીઓને માર્ગદર્શન આપવા અને શીખવવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. 1 અને 3 નિયમો હાથ ધરવામાં આવ્યા હતાં.

માસ્ટર અને બાબુજી નાં અવતરણો અને તેમનાં સંબંધો વિષેના ફકરાઓમાંથી લીધેલા અવતરણોથી કાર્યક્રમો ઘણા જ પારસ્પરિક અને સમૃદ્ધ હતા. વાસ્તવિક જીવનમાં અંગત અનુભવોની આપ–લે કરવાનો, તેમનો વ્યવહારુ ધ્યેય હતો. આ સંમેલનથી બધાને ખુબજ આનંદ થયો હતો જે બધા સુધી ફેલાવવા માટે ઘર સુધી લઈ જવામાં આવ્યો હતો..



Harur



Salem



Krishnagiri

## મેડિટેશન હોલ નું ઉદઘાટન, નવસારી, ગુજરાત




મિશન પાસે નવસારી કેન્દ્રના ઉપનગરમાં જમીનનો એક મોટો ટુકડો છે, તે ગુજરાતનું સૌથી જૂનું કેન્દ્ર છે. આ કેન્દ્રનાં અભ્યાસીઓને આ જમીન પર ધ્યાન કરવાની સુવિધા મળે તેવી ઘણી ઉત્કંઠા હતી. કામચલાઉ મેડીટેશન હોલ બાંધીને તેમનું સ્વપ્ન સાકાર કરવા માટે તેમણે સખત મહેનત કરી હતી. માસ્ટરની પરવાનગીથી, 11 મે 2014 ના રોજ, ઝેડઆઈસી(6b) ભાઈ સુરેન્દ્ર અગ્રવાલ દ્વારા હોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને નવસારી અને આજુબાજુના કેન્દ્રો ચીખલી, બીલીમોરા અને અમલસાડથી આવેલા લગભગ સો અભ્યાસીઓ સાથે ધ્યાનની બેઠક પણ આયોજીત થઈ હતી. તેમણે આ પ્રસંગે આશ્રમનાં મહત્વ વિશે વાત કરી, અને ભારપુર્વક ઉમેર્યું કે સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે, તેથી આપણે આપણા ધ્યેય પર ધ્યાન કેન્દ્રિત કરવું જ જોઈએ અને બધાએ પ્રકાશનાં આપણા કેન્દ્રનો અસરકારક રીતે ઉપયોગ કરવો જોઈએ. રવિવારનો સત્સંગ હવે નવસારી આશ્રમમાં કરવામાં આવે છે. માસ્ટરની હાજરીની અનુભૂતિ દરેકને થઈ હતી. નવસારી કેન્દ્રનાં સીઆઈસ, ભાઈ નિતીન હરિયાણીએ, નવસારી કેન્દ્રનાં તમામ સ્વયંસેવકોની સખત મહેનતની પ્રશંસા કરી હતી અને વલસાડ કેન્દ્રનાં સ્વયંસેવકોની ટીમ દ્વારા કરવામાં આવેલ પ્રયાસનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## ઝોનલ મીટીંગ, હરિયાણા

ઝોન 21 – હરિયાણાના, સોનીપત આશ્રમ ખાતે 25 મે ના રોજ મીટિંગ રાખવામાં આવી હતી, પ્રશિક્ષકો, કો–ઓર્ડીનેટર્સ, ફેસિલિટેટર્સ, સ્વયંસેવકો અને બધા સેન્ટરોના સીઆઈસીઓ ને તેમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ બેઠક ઝેડઆઈસી ડૉ સત્ય એન. મોંડલ ની અધ્યક્ષતામાં થઈ હતી. સીઆઈસ દ્વારા તેમના સંબંધિત કેન્દ્રોની પ્રસ્તુતિઓ અને ઝોનલ સંયોજકો દ્વારા તેમના ક્ષેત્રો, જેમ કે તાલીમ અને વિકાસ, યુ–કનેક્ટ, કેસ્ટ, વેલ્યુ એજ્યુકેશન, નિબંધ લેખન,



આઈટી, અભ્યાસી રજીસ્ટ્રેશન, સ્વયંસેવક સેવાઓ, એકોઝ ન્યૂઝલેટર, ઈતિહાસ અને એકાઉન્ટ્સ પર રજૂવાતો કરવામાં આવી હતી. આ પ્રસ્તુતિઓ પછી, નવા કેન્દ્રો વિકસાવવાની રીતો પર ચર્ચા કરવામાં આવી અને કેન્દ્રોનાં પાંચ કલસ્ટર્સની રચના કરવાનો નિર્ણય થયો હતો, જેથી કરી શ્રેષ્ઠ રીતે ઉપલબ્ધ સ્ત્રોતો નો ઉપયોગ અને અસરકારક રીતે નવા અને દૂરસ્થ કેન્દ્રોનાં અભ્યાસીઓને સેવા પુરી પાડી શકાય.

## મિશન પ્રવૃત્તિઓ પર તાલીમ, શાહજહાનપુર



શાહજહાનપુરનાં યોગાશ્રમ ખાતે 9 થી 11 મે દરમિયાન ઝોન–12 b નાં અગિયાર પ્રશિક્ષકો અને 41 અભ્યાસીઓ માટે ત્રણ દિવસના  સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વીબીએસઈ, ઓપન હાઉસ, હોમ ગેધરીંગ અને નિબંધ પ્રસંગનું સંચાલન કેવી રીતે કરવું તેની માહિતી આપવામાં આવી હતી. સેક્રટરી ભાઈ ઉમા શંકર બાજપાઈ અને ઝેડઆઈસી ભાઈ પ્રભાત કુમાર વકતાઓ હતા. ભાગલેનારાઓ નવા જોશ અને નવા વિચારો સાથે તૃપ્ત થયા હતા. તેઓએ તેમના કેન્દ્રો ખાતે વીબીએસઈ કાર્યક્રમ ને આગળ વધાવવા સંકલ્પ કર્યો હતો. ભાગલેનારાઓએ નિબંધ લેખનની યોજના માટે ચર્ચા કરવાનું નક્કી કર્યું હતું.

# યુથ સેમિનાર





## બનશંકરી આશ્રમ, બેંગ્લોર

તા. 14 અને 15મી જૂન, 2014, શનિ–રવિ ના રોજ, બેંગ્લોરના લગભગ 35 યુવા લોકો માટે રહેઠાણ સાથેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે, રજિસ્ટ્રેશન કરાવ્યા પછી એકબીજાનો પરિચય આપવાનો અને 'લહેરો અને પ્રતિબિંબો' અને 'પૂર્વગ્રહ અને અભિપ્રાય' વિષયો ઉપર આઈસબ્રેકર ગેમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. દરેક કાર્યક્રમમાં ભાગ લેનારાઓને આત્મનિરિક્ષણ માટે અને તેમના વિચારોના આદાનપ્રદાન માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો અને ત્યાર પછી તે પ્રવૃત્તિ પર આધારિત કાર્યક્રમ હતો. તે વિષય ઉપરની માસ્ટરના વકતવ્યની વિડિયો ક્લીપીંગ્સ પણ બતાવવામાં આવી હતી. બપોર પછીનો કેટલોક સમય સ્વૈચ્છિક કાર્ય કરવામાં પસાર કરવામાં આવ્યો હતો. 'પ્રકૃતિ સાથે સંવાદિતા જાળવવી' એટલે કે સરળ બનવું અને આપણી ઈચ્છાઓ મુજબ નહીં, પરંતુ આપણી જરૂરિયાતો સાથે કેવી રીતે જીવવું તે વિષય પર કાર્યક્રમ હતો.

રવિવારના પ્રથમ કાર્યક્રમમાં સત્રમાં જૂના અભ્યાસીઓની ટુકડી સાથે ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી, જેમાં ઘણા વિષયોને આવરી લેવામાં આવ્યા હતા, જેવા કે સહજ માર્ગનો સંદેશ કેવી રીતે ફેલાવવો, જીવનમાં સંતુલન કેવી રીતે જાળવવું, સ્વયંસેવાના કાર્યને પ્રોત્સાહન આપવું વગેરે. બપોરના ભોજન પછી, એક ભાઈએ સહજ માર્ગના આકાંક્ષીઓ સાથે 'વેલકમ–ડેસ્ક' કેવી રીતે વાતચીત કરે છે, તે વિષે જૂથને ટૂંકી માહિતી આપી હતી. તેમણે તેઓને એ પણ જણાવ્યું કે જેઓ આ કાર્યમાં રસ ધરાવે છે, તેમને આ કાર્ય કરવાની માટેની તાલીમ આપવામાં આવશે. આખરી સત્રમાં વાર્તાલાપ ઉપર, વાતચીત કરવાની ક્ષમતાના મહત્ત્વ રમત દ્વારા બહાર લાવવામાં આવ્યું હતું, ત્યારબાદ પ્રેરણાત્મક વ્યાખ્યાનોના થોડાક વિડિયોના નમૂના બતાવ્યા હતા. આનાથી તેમને થોડોક ખ્યાલ આવ્યો હતો, જેનાથી તેઓ નાના સમૂહોમાં બોલવા તરફ વળ્યા હતા. ત્યારબાદ દરેક જૂથમાંથી, એક વ્યક્તિને જાહેરમાં બોલવા માટે આપેલી ટીપ્સને ધ્યાનમાં રાખીને બોલવા માટે પસંદ કરવાનું કહ્યું. જ્યારે કાર્યક્રમ પૂરો થવા આવ્યો, ત્યારે ભાગ લેનારાઓએ, આ કાર્યક્રમનો હિસ્સો બનવા બદલ તેમની ખુશી વ્યક્ત કરી હતી.

## ભીલવાડા, રાજસ્થાન

27મી અપ્રિલ, 2014ના દિવસે, ભીલવાડા કેન્દ્રમાં રાખવામાં આવેલી યુથ મિટિંગમાં, 13 અભ્યાસીઓએ હાજરી આપી હતી. ભાગ લેનારાઓએ ભંડારા દરમિયાન તેમને થયેલા અનુભવો કહ્યા હતા, ત્યારબાદ આવા પ્રસંગોમાં હાજરી આપવા માટે પોતાની જાતને કેવી રીતે તૈયાર કરવી, તેની ઉપર ચર્ચા કરી હતી. ભંડારાના ઉત્સવોમાં હાજરી આપતાં પહેલાં બધા જ અભ્યાસીઓને ઓછામાં ઓછી બે વ્યક્તિગત સીટીંગ લેવાની ભલામણ કરવામાં આવી હતી. બીજો મહત્ત્વનો મુદ્દો એ બહાર આવ્યો હતો કે ભંડારા દરમિયાન આપવામાં આવેલી હાલતને શક્ય તેટલા લાંબા સમય સુધી કેવી રીતે જાળવવી. તેઓએ નક્કી કર્યું હતું કે તેઓ પોતાની જાતને તે જ રીતે ભંડારામાં હાજરી આપવા તૈયાર કરશે, પછી તે ઉત્સવ તિરુપુરમાં હોય કે ભીલવાડામાં હોય.

## વિજયવાડા, આંધ્ર પ્રદેશ

11મી મે, 2014ના રોજ યોજવામાં આવેલા યુથ સેમિનારમાં મોટી સંખ્યામાં યુવા લોકોએ અને બીજા અભ્યાસીઓએ ભાગ લીધો હતો. 'ચારિત્ર્ય ઘડતર' અને 'અભ્યાસીના જીવનમાં નાણાંની ભૂમિકા' ના વિષયો હતા. સીઆઈસીએ તેમના શરૂઆતના વકતવ્યમાં, યુથને તેમની ફરજો પ્રત્યે વધારે ધ્યાન આપવાની અને પૂર્વગ્રહરહિત સદાચારી માર્ગે જીવન જીવવાની રીત, જે આધ્યાત્મિકતાને અનુસરતા જીવનમાં પરિણમે છે, તે વિષે ભારપૂર્વક સલાહ આપી હતી. ભાઈ રામચંદ્રએ તેમના સંબોધનમાં ચારિત્ર્ય



ઘડતરને લગતી માનવીય ચેતનાનું સુંદર દ્રશ્ય રજૂ કર્યું હતું.
યુવા અભ્યાસીઓ દ્વારા દસ રજૂઆતો કરવામાં આવી હતી, ત્યારપછી સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી કે જેમાં કાલ્પનિક પાસાંઓને વ્યક્તિગત અનુભવો સાથે વિવિધાપૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યા હતા. અભ્યાસીઓએ કહ્યું હતું કે તેઓ વિવિધ પાસાંઓમાં સમૃધ્ધ સૂઝબુઝ કેળવવામાં સક્ષમ બન્યા હતા કે જે તેમના ભવિષ્યના પ્રયત્નોમાં અપાર ફાયદાકારક નીવડશે. સેમિનારની ભવ્ય પરાકાષ્ઠાએ ‘ પ્રેમ’ અંગેની માસ્ટરની વિડિયો બતાવવા આવી હતી. ભાગ લેનાર સૌને ‘દિવ્ય પ્રકાશ’નો સતત અનુભવ થયો હતો.



## કોઠાગુડેમ, આંધ્ર પ્રદેશ

આધ્યાત્મિક મૂલ્યોની સમજણને મજબૂત બનાવવા અને મનમાં ઠસાવવા માટે અને મિશનની પ્રવૃત્તિઓ તરફ ધ્યાન આપવાની ભાવના વિકસાવવાના વિચાર સાથે પારસ્પારિક અસર કરતા યુવા સેમિનારનું આયોજન, 20 અપ્રિલ, 2014ના રોજ કોઠાગુડેમ આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું. અશ્વપુરમ, ભદ્રાચલમ અને પોલવાન્ચા કેન્દ્રોના યુવાઓએ પણ તેમાં ભાગ લીધો હતો. તે એક આખા દિવસનું સત્ર હતું, જેની શરૂઆત ચર્ચા-વિચારણાને લગતી પ્રવૃત્તિઓ સહિતના મુદ્દાઓ જેવા કે ‘યુવાનીનો સમય શા માટે કર્તવ્યબધ્ધતા અને પ્રયત્ન માટેનો છે?’ ‘યુવાન તરીકે તમારી દૂરંદેશી દષ્ટિ શું છે? ‘યુવા સંગઠનોનો માળખું અને હેતુ શું હોવું જોઈએ?’, ‘પ્રોત્સાહિત કરવા માટે, પ્રેરણા આપવા માટે અને સહજ માર્ગના યુવાઓને સંગઠિત રાખવા માટે કેવા પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ?’ અને મિશનની પ્રવૃત્તિઓમાં યુવાઓ કેવી રીતે ફાળો આપી શકે? બીજા લોકો માટે પોતાને સંપૂર્ણ ઉદાહરણરૂપ બનાવીને આપણે આપણી શારીરિક અને માનસિક શક્તિઓનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ, તે ઉપર પોતાના વિચારો જણાવીને બધા જ ભાગલેનારાઓ આનંદિત થયા હતા. આ સત્રમાં યુવા અભ્યાસીઓ પોતાની મહત્તમ ક્ષમતા સાથે તેમાં ભાગ લઈ શકે તે માટેના વિચારો પ્રયોગાત્મક પ્રવૃતિઓ દ્વારા વ્યક્ત કર્યા હતા.

## વારાણસી, ઉત્તર પ્રદેશ

11મી મે, 2014ના રોજ, વારાણસી કેન્દ્રમાં આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસીઓને, મિશનનું સાહિત્ય વાંચવા માટે પ્રોત્સાહિત કરવાના પ્રયત્નરૂપે, કેન્દ્રએ પસંદગીના પુસ્તકોમાંથી પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. છેલ્લા બે સત્રો માટે પુસ્તક પસંદ કરવામાં આવ્યું હતું અને 11મીએ આખરમાં ‘મારા ગુરુદેવ’ પુસ્તક નક્કી કર્યું હતું. અભ્યાસીઓને 50 પ્રશ્નો આપવામાં આવ્યા હતા અને તેના જવાબ માટે 30 મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. અડધા કલાક પછી તેને સંબંધિત પુસ્તકમાંથી સાચા જવાબો જણાવવામાં આવ્યા હતા. અભ્યાસીઓને મિશનનાં પુસ્તકો ચોકસાઈપૂર્વક વાંચવાની જરૂરિયાત જણાઈ હતી. બપોરના ભોજન પછી ‘મારા ગુરુદેવ’ પુસ્તકના વિષયો પર ચર્ચા રાખવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓની સાચી અસર એ થઈ હતી કે અભ્યાસીઓ રોકાયા હતા અને તેમણે આખા દિવસનો કાર્યક્રમ માણ્યો હતો. પરિણામે સાંજના સત્સંગમાં હાજરીમાં પણ વધરો થયો હતો.

## ‘હૃદયથી હૃદય સુધી’, ઈન્દોર, મધ્ય પ્રદેશ

15મી જૂન, 2014ના દિવસે, ઈન્દોર આશ્રમમાં, ‘હૃદયથી હૃદય સુધી’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસીઓને તેમના સામાજિક અને કાર્યકારી ક્ષેત્રમાંથી જે લોકોએ આધ્યાત્મિકતામાં રસ બતાવ્યો હોય તેવા લોકોની યાદી આપવાની વિનંતીની જાહેરાત સાથે, આ કાર્યક્રમની તૈયારીઓ, લગભગ એક મહિના અગાઉથી શરૂ કરવામાં આવી હતી. લગભગ 300 લોકોની યાદી ઝડપથી તૈયાર કરવામાં આવી હતી અને તેઓને કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો લાભ વધુને વધુ લોકો મેળવી શકે, તે માટે સ્વયંસેવકોએ ખૂબ જ તૈયારી કરી હતી.
15મી જૂને, લગભગ 180 લોકોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. મુખ્ય વકતવ્ય ‘આધ્યાત્મિકતા-જીવનની પ્રાથમિક જરૂરિયાત’ ઉપર હતું. આ વિષયને ઉદાહરણો સાથે વિગતવાર આવરી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ સહજ માર્ગ અને તેના તત્ત્વજ્ઞાન ઉપર રજૂઆત કરવામાં આવી હતી. પ્રશ્નોત્તરીના સત્ર પછી લગભગ 40 લોકોએ પધ્ધતિમાં જોડાવા માટે રસ બતાવ્યો હતો. આકાંક્ષીઓને તેમની પ્રારંભિક બેઠકોનું આયોજન કરી આપવા માટે, હોલમાં સ્વયંસેવકનું એક અલગ ટેબલ ગોઠવવામાં આવ્યું હતું. બપોરના ભોજનના સમય દરમિયાન લગભગ દસ અભ્યાસીઓના જૂથે તેમની સાથે ઝીણવટથી ચર્ચા કરી હતી અને તેમના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા.
આ એવો પ્રસંગ હતો કે જે સ્વયંસેવકોને આપણા માસ્ટરની સેવા કરવાની ખરેખર તક આપતો હતો. લગભગ 30 જેટલા ભાઈઓ અને બહેનોના જૂથે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બધી જ વ્યવસ્થાઓ કરી હતી.





## સમર કેમ્પ

એપ્રિલ અને મે મહિનામાં ભારતના વિવિધ કેન્દ્રોમાં સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક કેન્દ્રમાં સમર્પિત સ્વયંસેવકો દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેઓએ કાર્યક્રમને સફળ બનાવવા તેમનાથી બનતા ઉત્તમ પ્રયત્નો કર્યા હતા. આ કેમ્પનો હેતુ બાળકોના મનમાં નૈતિક મૂલ્યો ઠસાવવા અને તેને પ્રોત્સાહન આપવાનો હતો. પ્રવૃત્તિઓ જેવી કે ફોટોગ્રાફી, વર્કશોપસ, સંગીત, કલરકામ, વાર્તા કહેવી, ખજાનો શોધવો, પેપરમાંથી બેગ બનાવવી, ચિત્રપટ, પ્રશ્નો પૂછવા, આનંદ-મેળો, નાનો વિજ્ઞાન મેળો, ટાઈ ડાઈંગ, એનિમેશન, પેપર જ્વેલરી મેકિંગ વગેરેએ તેમને પ્રવૃત્ત રાખ્યાં હતાં. રમતો, કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ જેવી કે મૂક અભિનય અને નૈતિક મૂલ્યો પર આધારિત નાટિકાઓએ બાળકોને મનોરંજક રીતે મૂલ્યો શીખવામાં મદદ કરી હતી. અનુભવી બાળકોને ચર્ચાઓ, રજૂઆતો અને શૈક્ષણિક વિડિયો બતાવવામાં આવ્યાં હતાં. આ કારણે કેટલાક કેન્દ્રોમાં યુવાઓને આધ્યાત્મિકતાનો પરિચય કરાવતો માર્ગ મોકળો થયો હતો.

બી.એમ.એ., પનવેલ, **મુંબઈ**માં ત્રણ દિવસના કેમ્પમાં 110 બાળકોએ હાજરી આપી હતી. છેલ્લા દિવસે તેમને એકબીજા વિષે એક હકારાત્મક ગુણ, હાથરૂમાલ ઉપર લખવાનું કહેવામાં આવ્યું હતું, પછી તેઓ તેને પોતાની સાથે યાદગીરી સ્વરૂપે લઈ જઈ શક્યા હતા. કર્ણાટકના **રાયચૂર** કેન્દ્રમાં 30ની આસપાસ બાળકોએ કેમ્પમાં ભાગ લીધો હતો. તેમણે આ કાર્યક્રમને ખૂબ જ માણ્યો હતો અને કહ્યું હતું કે તેઓ ખૂબ જ શીખ્યા હતા અને આયોજકોને આ કાર્યક્રમ થોડા વધુ દિવસો સુધી ચાલુ રાખવા માટે વિનંતી કરી હતી.

ઉત્તરપ્રદેશના **સીતાપુર**માં યોજાએલા 9 દિવસના સમર કેમ્પમાં વિવિધ શાળાઓના 60 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યુવા લોકોને આધ્યાત્મિકતાનો પરિચય કરાવવાના હેતુ સાથે **બીકાનેર**માં યુ.કનેક્ટ ટીમ દ્વારા દસ દિવસના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જાગરૂકતા અને સ્વ-વિકાસને લગતા વિષયો ઉપર વક્તવ્યો રાખવામાં આવ્યાં હતાં અને ત્યારબાદ બીજા કાર્યક્રમો હતા. કર્ણાટકના **બેંગ્લોર**માં, બનશંકરી આશ્રમમાં આયોજીત કેમ્પમાં લગભગ 60 બાળકોએ ભાગ લીધો હતો.

વધારામાં પ્રોત્સાહિત વિષયો અને ગમ્મતથી ભરપૂર પ્રવૃત્તિઓ સાથેનો કેમ્પ તામિલનાડુના **ત્રિચિ** આશ્રમમાં, આયોજીત કરવામાં આવ્યો હતો અને 'આગ-સુરક્ષા' અને 'બચાવ અભિયાન' અંગે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બાળકોએ જાનકી ફાર્મની મુલાકાત પણ લીધી હતી, જ્યાં તેમણે ગોળ બનાવવાની, એક રસપ્રદ પ્રક્રિયા જોવા મળી હતી.

**મણપાક્કમ**ના ત્રણ દિવસીય કેમ્પ દરમિયાન, દરેક ભાગલેનારને, તેમના ઘરે લઈ જવા માટે અને પ્રેમથી પોતાના વિકાસની સાથે સાથે ઉછેરવા માટે અને તેમને જીવનમાં સંતુલન સ્થાપવાની પ્રેરણા મળે તે માટે કુમળો છોડ ભેટ આપવામાં આવ્યો હતો. કેમ્પમાં ભાગ લેનારાઓએ મે ની શરૂઆતમાં રાખવામાં આવેલા ટ્રેડીશનલ યુરોપિયન ફોક ડાન્સ, માયપોલ ડાન્સીંગમાં પણ ભાગ લીધો હતો. મોટાભાગના બાળકોએ તેમની કેમ્પની રોજનીશી બનાવી હતી અને દરેક દિવસના અનુભવો અને અનંત ક્ષણો પછીના વિચારોને લખયા હતા. આભારના પ્રતીકરૂપે, માસ્ટરને તેમની ઉદાર કૃપા માટે, સમૂહ ફોટોગ્રાફ્સ, બાળકો દ્વારા બનાવેલી પેપર બેગ અને કુમળો છોડની, ભેટ આપી હતી.







**ગોલા ગોકરન નાથ** આશ્રમ ખાતે રાખવામાં આવેલા દસ દિવસના કેમ્પમાં ઉત્કટ ઈચ્છા ધરાવતા એકાવન બાળકો હાજર રહ્યાં હતાં. કેમ્પમાં, અભ્યાસી ભાઈઓ અને બહેનો દ્વારા 'યુનેસ્કો'ના પુસ્તકમાંથી 'લર્નીંગ ટુ બી' ના પાઠ રોજ સમજાવવામાં આવતા હતા. એ જ રીતે, વિવિધ વિભાગોમાંથી આવેલા મહેમાનોને અને સ્વાસ્થ્ય, સલામતી, બેંકીંગ, જંગલ વિભાગ, પોલીસ ખાતું, રેલ્વે જેવા વિભાગોમાંથી પણ મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેમના ક્ષેત્રના નિષ્ણાતોએ વક્તવ્યો આપ્યાં હતાં.

આંધ્ર પ્રદેશના, **વિશાખાપટનમ** ખાતે ત્રણ દિવસ માટે રાખવામાં અવેલા કેમ્પમાં જુદી જુદી વય જૂથનાં 120 બાળકોએ ભાગ લીધો હતો. મૂલ્ય આધારિત પ્રવૃત્તિઓની સાથે સાથે માટીકામ અને સમાચાર પત્રોમાંથી પતંગો બનાવવા જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. ભાગ લેનારાઓને વૈદકીય પ્રાથમિક–સારવાર અને સલામતી માટેની પાયાની જાણકારી વિષે શિખવવામાં આવ્યું હતું.

મધ્ય પ્રદેશના **ઈંદોર** સેન્ટરમાં ચાલીસ બાળકો કેમ્પમાં હાજર રહ્યાં હતાં. બાળકો દરરોજ સમૂહ ગીતો ગાતાં હતાં જેનાથી એકતા અને ભાઈચારાની ભાવના જગૃત થતી હતી. છેલ્લા દિવસે, તાજેતરમાં ઈંદોરથી દૂર નવા આશ્રમ માટે ખરીદવામાં આવેલી, વૃક્ષોથી ભરપૂર જગ્યામાં બાળકોએ ઉજાણીનો આનંદ માણ્યો હતો.

દર વર્ષે રાખવામાં આવતા સમર કેમ્પોમાં હાજર રહીને બાળકોએ તેમની ખુશી ઉત્સાહભેર વ્યક્ત કરી હતી અને મોટાભાગનાં કેન્દ્રોમાં આયોજકોને કેમ્પનો સમયગાળો વધારવા વિનંતી કરી હતી. સ્વયંસેવકો સહિત, જે બધા લોકો હાજર રહ્યા હતા, તેમને કેમ્પમાં ઘણું બધું શીખવાનું મળ્યું હતું અને આનંદનો અનુભવ થયો હતો.



## જાહેર નિવેદન

પશ્ચિમ બંગાળનું ખરગપુર સેન્ટર, કે જે ક્રેસ્ટ ઈન્સ્ટિટ્યુટ તરીકે સેવા આપી રહ્યું હતું, ત્યાં હવે પછી રીટ્રીટ સેન્ટર બનશે. હાલમાં માલમપુઝા ખાતે, કેરાલામાં અને પુના, મહારાષ્ટ્રમાં પહેલેથી જ બે રીટ્રીટ સેન્ટરો કાર્યરત છે, તેમાં આ વધારાનું છે. ખરગપુર ખાતે આવેલું આ રીટ્રીટ સેન્ટર પ્રાથમિક તબક્કે દેશના ઉત્તરીય અને પૂર્વીય ભાગોમાંથી આવતા અભ્યાસીઓની જરૂરિયાતો પૂરી પાડશે. બેંગ્લોર ખાતે આવેલું ક્રેસ્ટ સંશોધન, શિક્ષણ, સાધના અને તાલીમ જેવી પ્રવૃત્તિઓ ચાલુ રાખશે, હાલ પૂરતું ભારતમાં આ એક જ આવું કેન્દ્ર છે.

## ભીલવારા, રાજસ્થાન

ભીલવારા સેન્ટરમાં બાળકો માટે મૂલ્યો વિષે બે દિવસના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. 11મી મેના રોજ, એક ફિલ્મ બતાવવામાં આવી હતી અને તે પછી ભાગ લેનારાઓ વચ્ચે અરસપરસ સુમેળ વધે તે માટે થોડી રમતો રાખવામાં આવી હતી. 17મી ના રોજ રાખવામાં આવેલા કાર્યક્રમમાં તેરથી સત્તર વર્ષની વયજૂથના લગભગ એંસી યુવાનો અને પંદર શિક્ષકો હાજર રહ્યા હતા.

માસ્ટરની ડીવીડી બતાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી અને તે પછી મૂલ્યો આધારિત કેટલાક વિડિયો બતાવવામાં આવ્યા હતા, વિડિયો જોયા પછી દરેક ભાગ લેનારાઓને તેમણે કયો સંદેશ ગ્રહણ કર્યો હતો તે પૂછવામાં આવ્યું હતું.

બપોરના ભોજન પછી માસ્ટરનું વક્તવ્ય સંભળાવવામાં આવ્યું હતું. હકારાત્મક વલણ ધરાવવાની આવશ્યકતાનું વક્તવ્ય આપ્યા પછી, પ્રેમ, દયા, ત્યાગ અને જીવનની સાચી ઘટનાઓ જેવા વિષયો પર તત્કાળ નાટકનો અભિનય કરવામાં આવ્યો હતો. પાઈપ અને બોલનો ઉપયોગ કરીને ધ્યેયનું મહત્ત્વ દર્શાવતી રમત દ્વારા ભાઈચારો, પ્રેમ, એક જૂથ રહેવાનો જુસ્સો અને સુમેળ જેવા સદ્‌ગુણો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. અંતિમ કાર્યક્રમમાં ગુરુના મહત્ત્વ વિષે ચર્ચા કરવામાં આવી હતી. દરેક જણે સમગ્ર કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.






## મુંબઈ, મહારાષ્ટ્ર

23મી મે, 2014ના રોજ જુહુ ખાતે આવેલી ‘બિલ્લાબોન્ગ હાઈ ઈન્ટરનેશનલ સ્કૂલ’માં, લગભગ પચ્ચીસ શિક્ષકો માટે મૂલ્ય આધારિત શિક્ષણની જાગરૂકતા આપતા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રિન્સિપાલે પણ સ્વયંસેવકોને શાળામાં મૂલ્ય આધારિત વર્ગોનું સંચાલન કરવા આમંત્રણ આપ્યું હતું. બહેન રાખી અરોરાએ કાર્યક્રમની શરૂઆત મૂલ્ય શિક્ષણનો પરિચય આપીને કરી હતી, તે પછી આજે સમાજમાં અનિષ્ટોથી થતી અસર વિષે અને ઘર ઉપરાંત શાળામાં પણ મૂલ્ય આધારિત શિક્ષણની આવશ્યકતા વિષે બહેન લલિતાએ ભાષણ આપ્યું હતું કે જેથી બાળકોને અંદરથી મજબૂત બનાવી શકાય. તે પછી પિતા અને પુત્રની વાર્તા પર વિડિયો બતાવવામાં આવ્યો હતો. તે વાર્તા હૃદયસ્પર્શી હતી અને શિક્ષકોને લાગ્યું હતું કે વાલીઓ ઉપરાંત શિક્ષકોએ પણ બાળકોને સમજવા માટે અને સાચા માર્ગે દોરવા માટે તેમને માર્ગદર્શન આપવા માટે સમય આપવાની જરૂર છે. આ પ્રસંગ પછી તેમાંના કેટલાક શિક્ષકોએ સ્વયંસેવકો સાથે અવિધિસરની વાતો કરી હતી અને થોડા શિક્ષકોએ ધ્યાનને સમજવાની અને શરૂ કરવાની રૂચિ બતાવી હતી.

## કાર્કલા, કર્ણાટક

1લી જૂન, 2014ના રોજ કાર્કલા સેન્ટર ખાતે સંચાલિત કરવામાં આવેલા આખા દિવસના કાર્યક્રમમાં બાર અભ્યાસીઓ હાજર રહ્યા હતા. માસ્ટરના વકતવ્યનો વિડિયો બતાવ્યા પછી, રાખવામાં આવેલા કાર્યક્રમના મુદ્દાનો ‘સાધનામાં મનોવૃત્તિની ભૂમિકા’નો પરિચય બહેન નલિનીએ અભ્યાસીઓને કરાવ્યો હતો. યોગ્ય મનોવૃત્તિ રાખવાની જરૂરિયાત અને દસ નિયમોનો નિયમિત અભ્યાસ, સાચી મનોવૃત્તિ વિકસાવવામાં કેવી રીતે મદદ કરે છે, તે વિષે તે બોલ્યાં હતાં. ભાગ



લેનારાઓને જીવનમાં તેમના ધ્યેય માટે અને તેમના દૈનિક અભ્યાસ પર આધારિત થોડા પ્રશ્નોનું મૂલ્યાંકન તેમની જાતે કરવાનું કહેવામાં આવ્યું હતું. તેણીએ હકારાત્મક વૃત્તિ રાખવાની જરૂરિયાત વિષે ભારપૂર્વક જણાવ્યું હતું અને આપણી પ્રગતિમાં રહેલાં હાનિકારક પરિબળો વિષે પણ કહ્યું હતું. એ રજૂઆતમાં માસ્ટરે આપેલાં વકતવ્યોના કેટલાક ભાગ હતા. બપોરના ભોજન પછી, સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી અને મનોવૃત્તિ પર વાર્તાઓ કહેવામાં આવી હતી. કાર્યક્રમના અંતે, અભ્યાસીઓને બે જૂથમાં વિભાજીત કરવામાં આવ્યા હતા અને દરેક જૂથને કહેવામાં આવેલી વાર્તાઓના આધારે તૈયાર કરેલા કટાક્ષો પર ભુમિકા ભજવવાનું કહેવામાં આવ્યું હતું. સાંજના સત્સંગ પછી કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## શોલાવંદન આશ્રમ, તામિલનાડુ

25મી મેના દિવસે, મદુરાઈ, વાડી પટ્ટી, ઉસિલમપટ્ટી, ચીન્નલપટ્ટી



અને બટ્લાગુન્ડુથી આવેલા 150 અભ્યાસીઓ શોલાવંદન આશ્રમ ખાતે ‘સહજ માર્ગ અને પારિવારિક જીવન’ વિષય પર એક દિવસનો કાર્યક્રમ કરવા એકત્રિત થયા હતા. ચેન્નાઈથી બહેન કસ્તુરી વેંકટાચલમ, મદુરાઈથી ભાઈ પાલનિપ્પન અને ચિન્નલપટ્ટી સેન્ટરથી બહેન સાવિત્રી આ કાર્યક્રમ માટે આમંત્રિત કરવામાં આવેલા કાર્યકર્તાઓ હતા.

કાર્યક્રમનો આરંભ બહેન કસ્તુરીના વકતવ્યથી થયો હતો. જેમાં તેણીએ માહિતી આપતાં કહ્યું હતું કે ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ ઘણાં જન્મો સુધી ચાલુ રહે છે. ભાઈ પાલનિપ્પને તેમના ભાષણમાં પાંચમા અને સાતમા નિયમનું સુંદર રીતે વર્ણન કર્યું હતું અને અભ્યાસીઓને સરસ રીતે સંદેશ આપ્યો હતો કે દુ:ખો એ ઈશ્વર તરફથી મળેલા આશીર્વાદ છે. બહેન સાવિત્રીએ તેણીના ભાષણમાં અભ્યાસી માટે કૌટુંબિક જીવનના મહત્ત્વ પર ભાર આપ્યો હતો. બપોરના ભોજન પછી, સહજ માર્ગનો અભ્યાસ શરૂ કર્યા પછી, અભ્યાસીના જીવનમાં આવેલા બદલાવ વિષે સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી. બહેન કસ્તુરીએ નાનું ભાષણ આપીને ચર્ચાનું સમાપન કર્યું હતું. સાંજના સત્સંગ પછી કાર્યક્રમને સમાપ્ત કરવામાં આવ્યો હતો.

## ગેંગટોક આશ્રમ, સિક્કિમ

# પ્રકાશનું કેન્દ્ર




ગેંગટોક એ સિક્કિમમાં આવેલા નાના ડુંગરાળ રાજ્યનું મુખ્ય શહેર છે, જે પૂર્વીય હિમાલયમાં ભવ્ય કાંચનજંગા પર્વતના ખોળામાં આવેલું છે. સિક્કિમનું રાજ્ય ત્રણ આંતરરાષ્ટ્રિય સીમાઓથી ઘેરાયેલું છે–પશ્ચિમમાં નેપાળ સાથે, ઉત્તરમાં તિબેટ સાથે અને પૂર્વીય સીમામાં ભૂતાન સાથે જોડાયેલું છે. આ સ્થળ તેનાં ઝડપી વહેતાં ઝરણાંઓ, ઉચ્ચ શિરોબિંદુએ આવેલાં તળાવો, હિમનદીઓ અને જંગલો માટે સુપ્રસિદ્ધ છે કારણ કે 'પ્રકૃતિ'એ તેને સંપૂર્ણ વિવિધતા બક્ષી છે.


ગેંગટોક સેન્ટરની શરૂઆત 2005, નવેમ્બરમાં થઈ હતી. ત્યારે રવિવારના સત્સંગો એક અભ્યાસીના ઘરમાં રાખવામાં આવતા હતા. નવેમ્બર 2009માં માસ્ટરે જ્યારે સિક્કિમની મુલાકાત લીધી હતી ત્યારે તેને એ સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. માસ્ટર ત્યારે ત્યાં સુખપૂર્ણ ત્રણ દિવસો રોકાયા હતા અને ત્યાં જઈને તેઓ ઘણા જ ખુશ થયા હતા. આ મુલાકાત દરમિયાન જ ત્યાં આશ્રમ બનાવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

2011માં, સિક્કિમની સરકારે મિશનને 0.33 એકર જગ્યા આપવાનું નક્કી કર્યું હતું. આ જગ્યા ગેંગટોક શહેરની બરાબર મધ્યમાં આવેલી છે. માસ્ટરે આ જગ્યામાં આશ્રમ બાંધવાની મંજૂરી આપી હતી. 12મી સપ્ટેમ્બર, 2011માં ત્યાં જવાનો રસ્તો અને તેની સીમાને આવરી લેતી દિવાલનું બાંધકામ શરૂ થયું હતું. પરંતુ 'પ્રકૃતિ' માણસની ઈચ્છાની અને શ્રધ્ધાની પરીક્ષા લે છે અને બાંધકામ શરૂ કર્યાના છ દિવસ પછી, 18મી સપ્ટેમ્બર, 2011ના રોજ વિનાશક ભૂકંપે સિક્કિમને ઝટકો આપ્યો ત્યારે આની પણ ખરેખર પરીક્ષા લેવાઈ ગઈ હતી. આનાથી આશ્રમને ભૂકંપ પ્રતિરોધક બનાવવા માટે તેની નિર્ધારિત ડિઝાઈનમાં ફેરફાર કરવાની જરૂર પડી હતી અને માર્ચ 2012માં કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. ઊભા ઢોળાવવાળી પ્રાકૃતિક રચના, ભારે વરસાદ જેવા પડકારો માસ્ટરની કૃપાથી પાર પડી ગયા હતા. મકાનના આગળના મુખ્ય ભાગની ડિઝાઈન માસ્ટરે આપેલી સૂચનાઓ મુજબ આસપાસની પરિસ્થિતિ સાથે ભળી જાય એ રીતે બનાવવામાં આવી હતી. આશ્રમ નાની જગ્યામાં બાંધવામાં આવ્યો હોવા છતાં, તેમાં બધી જ સુવિધાઓ છે–200 અભ્યાસીઓ બેસી શકે એટલી ક્ષમતા વાળો મેડિટેશન હોલ, અધ્યક્ષની ઓફિસ, ડાઈનીંગ હોલ, કોઠાર સહિતનું રસોડું, આશ્રમ મેનેજરને રહેવા માટે રહેઠાણ, ચિલ્ડ્રન સેન્ટર, શૌચાલયો અને એક સાથે વીસ અભ્યાસીઓ રહી શકે તેટલી રૂમો ત્યાં છે.

આશ્રમની બંને બાજુએ તાજા પાણીનાં બે ઝરણાં નજરે પડે છે અને ઉત્તર–પશ્ચિમ તરફ સુંદર ખીણનું દ્રશ્ય જોવા મળે છે.

22મી જુલાઈ, 2013ને ગુરુ પૂર્ણિમાના દિવસે ચેન્નાઈથી માસ્ટરે આશ્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગેંગટોકથી આવેલા અભ્યાસીઓ આશ્રમની ડીવીડી સાથે ત્યાં હાજર રહ્યા હતા. ઉદ્‌ઘાટન પછી, માસ્ટરે કહ્યું હતું, "...કમલેશ, જો બાબુજી મને પરવાનગી આપશે, તો મારે આ જગ્યાની મુલાકાત લેવી છે."







To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2014 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.